–:: વેચાણ દસ્તાવેજ ::–

રૂા.   /– પુરાનો...
અંકે રૂપિયા   પુરાનો...

વિક્રમ સંવત ૨૦૭૮ ના   ને, વાર :   વારને,
તારીખ :   માહે :   સને ૨૦૨૨ ના અંગ્રેજી દિને :–

તમો : પહેલા પક્ષના : વેચાણ લેનાર (દસ્તાવેજ કરાવી લેનાર)/એલોટી ::–

શ્રી/શ્રીમતી
જાતના :...............ઉ.આ.વ. :............ધંધો :..................
રહેવાસી :...

(જે સંજ્ઞામાં અન્યથા વિરોધાભાસ ન હોય તો **પહેલા પક્ષનાને "વેચાણ લેનાર"** તરીકે સંબોધવામાં આવશે. તથા તેમના વંશ, વાલી, વારસો, ટ્રાન્સફરી, એસાઈની, એક્ઝીક્યુટરો, સકસેસરો, પ્રતિનિધિ, વહીવટકર્તા, નોમીની વિગેરેનો સમાવેશ થાય છે.)

જોગ લિ....

હમો : બીજા પક્ષના : વેચાણ આપનાર (દસ્તાવેજ કરી આપનાર)/પ્રમોટર ::–

મગનભાઈ મથુરભાઈ જીંજાળા, જાતના : હિંદુ, ઉ.આ.વ. : ૬૧, ધંધો : ખેતી તથા વેપાર, રહેવાસી : ભવ્ય પેલેસ, આઈમાતા રોડ, પરવટ પાટીયા પાસે, સુરત. (PAN No.AAVPJ2142B)

(જે સંજ્ઞામાં અન્યથા વિરોધાભાસ ન હોય તો **બીજા પક્ષનાને "વેચાણ આપનાર"** માલીક તરીકે સંબોધવામાં આવશે. તથા તેમના વંશ, વાલી, વારસો, ટ્રાન્સફરર, એસાઈની, એક્ઝીક્યુટર્સ, સકસેસરો, પ્રતિનિધિ, વહીવટકર્તા વિગેરેનો સમાવેશ થાય છે.)

જત હમો બીજા પક્ષના, તમો પહેલા પક્ષનાને આજરોજ આ વેચાણ દસ્તાવેજ લખી આપી જણાવીએ છીએ કે :–

(૧) મોજે–ડીડોલી, તાલુકો–ઉધના, જીલ્લો–સુરત ના રે.સ.નં.૧૫૫/૧૨ જેનો બ્લોક નં.૨૨૬ જેનું ક્ષેત્રફળ ૨૩૫૭૩ ચો.મી. વાળી જમીન જેને ટી.પી.સ્કીમ નં.૬૨ (ડીડોલી–ભેસ્તાન–ભેદવાડ) લાગુ પડતા ઓ.પી.નં.૩૦ જેનો ફાયનલ પ્લોટ નં.૩૦ જેનું ક્ષેત્રફળ ૧૪૧૪૪ ચો.મી. બીનખેતીની જમીન પૈકી **સબપ્લોટ નં.૨+૩/એ** કે જે **સીટી સર્વે વોર્ડ–ડીડોલી ના સીટી સર્વે નં.એન.એ.૨૨૬(૨+૩)એ** જેનું ક્ષેત્રફળ ૪૨૪૪ ચો.મી. વાળી જમીનમાં આયોજીત **"રાધેક્રિષ્ણા રેસીડેન્સી"** ના નામથી પાડવામાં આવેલા પ્લોટો પૈકી **પ્લોટ નં...........**જેનું ક્ષેત્રફળ.................ચો.મી. તથા રોડ, રસ્તા, સી.ઓ.પી.ની જમીનમાં વણવહેચાયેલા હકક, હિસ્સાની..................ચો.મી. સહિતના પ્લોટના હમો બીજા પક્ષના એકલા સ્વતંત્ર સંપૂર્ણ માલીક કબજે ભોગવટેદાર ચાલી આવેલા છે. અને મજકુર પ્લોટ હમો બીજા પક્ષનાએ, તમો પહેલા પક્ષનાને **રૂા....................../– અંકે**

દસ્તાવેજ નો પ્રકાર	અવેજ	ગામનું નામ	બ્લોક નંબર	ટી.પી.સ્કીમ નંબર	ફાયનલ પ્લોટ નંબર	સબપ્લોટ નંબર	સીટી સર્વે નંબર	પ્લોટ નંબર	કુલ ક્ષેત્રફળ (ચો.મી.)
વેચાણ દસ્તાવેજ	રૂા...............	ડીડોલી	૨૨૬	૬૨	૩૦	૨+૩/એ	NA૨૨૬(૨+૩)		

રૂપિયા એક લાખ સીત્તેર હજાર પુરાના અવેજ બદલ વેચાણ આપેલ છે. અને સદરહુ પ્લોટ વેચવાનો હમો બીજા પક્ષનાને માર્કેટેબલ ટાઈટલ છે અને તે એવી રીતે કે :–

મોજે–ડીંડોલીના રે.સ.નં.૧૫૫/૧૨ જેનો બ્લોક નં.૨૨૬ વાળી જમીનના મુળ માલીક નાથુભાઈ કાળાભાઈ કરીને ચાલી આવેલા અને જેઓ તા.૧૧/૨/૧૯૬૧ ના રોજ અવસાન થવાથી વારસાઈ હકકે તેમની વિધવા કંકુબેન તે નાથુભાઈ કાળાભાઈની વિધવા, ડાહયાભાઈ નાથુભાઈ, રણછોડભાઈ નાથુભાઈના નામો વારસાઈ હકકે દાખલ કરવામાં આવેલા અને જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નં.૯૪૩, તા.૩૦/૭/૧૯૬૧ થી પાડવામાં આવેલી. ત્યારબાદ જમીન માલીકો પૈકી કંકુબેન તે નાથુભાઈ કાળાભાઈની વિધવા તા.૧૦/૧૧/૧૯૭૪ ના રોજ ગુજરી ગયેલા અને તેઓ ગુજરી જતા તેઓનું નામ રેવન્યુ રેકર્ડમાંથી કમી કરી વારસાઈની નોંધ નં.૩૫૬૩, તા.૨૪/૩/૧૯૭૫ થી કરવામાં આવેલી. ત્યારબાદ ડાહયાભાઈ નાથુભાઈ તા.૨૧/૪/૧૯૭૯ ના રોજ ગુજરી જતા તેમના ઈચ્છીબેન તે ડાહયાભાઈ નાથુભાઈની વિધવા, અશ્વિનભાઈ ડાહયાભાઈ, નિધિકાંત ડાહયાભાઈના નામો વારસાઈ હકકે રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નં.૩૮૪૭, તા.૫/૯/૧૯૭૯ થી કરવામાં આવેલી. ત્યારબાદ જમીન માલીકો પૈકી રણછોડભાઈ નાથુભાઈ તા.૧૦/૯/૧૯૯૬ ના રોજ ગુજરી જતા વારસાઈ હકકે સરોજબેન તે રણછોડભાઈ નાથુભાઈની વિધવા, હેમલતાબેન વિજયભાઈ પટેલ, નલીનીબેન મુકેશભાઈ પટેલ, યશોધરાબેન શશીકાંત પટેલ, અરૂણાબેન અતુલકુમાર પટેલના નામો રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નં.૬૧૪૬, તા.૨૭/૫/૨૦૦૨ ના રોજ દાખલ કરવામાં આવેલી, જે એન્ટ્રી તા.૧૭/૯/૨૦૦૨ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલી છે. અને તે રીતે સદરહુ જમીનના માલીક કબજે ભોગવટેદાર ઈચ્છીબેન તે ડાહયાભાઈ નાથુભાઈની વિધવા, અશ્વિનભાઈ ડાહયાભાઈ, નિધિકાંત ડાહયાભાઈ, સરોજબેન તે રણછોડભાઈ નાથુભાઈની વિધવા, હેમલતાબેન વિજયભાઈ પટેલ, નલીનીબેન મુકેશભાઈ પટેલ, યશોધરાબેન શશીકાંત પટેલ, અરૂણાબેન અતુલકુમાર પટેલ થયેલા.

ત્યારબાદ જમીન માલીકોએ સદરહુ જમીન ઠાકોરભાઈ કેશવભાઈ પટેલને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની રૂએ વેચાણ આપેલ. જેનો વેચાણ દસ્તાવેજ સુરતના સબરજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નં.૪૯૭૮, તા.૧૪/૮/૨૦૦૩ ના રોજ નોંધાયેલ છે. અને જેની વેચાણની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નં.૬૨૬૩, તા.૧૭/૮/૨૦૦૪ ના રોજ દાખલ કરવામાં આવેલી, જે એન્ટ્રી તા.૪/૧૨/૨૦૦૪ ના રોજ પ્રમાણિત થયેલી.

ત્યારબાદ જમીન માલીક ઠાકોરભાઈ કેશવભાઈ પટેલે સામાઈકપણામાં (૧) અશોકભાઈ ઠાકોરભાઈ પટેલ, (૨) શારદાબેન ઉર્ફે સુખીબેન તે ઠાકોરભાઈ કેશવભાઈની ધણીયાણી, (૩) મધુબેન તે ઠાકોરભાઈ કેશવભાઈની દિકરી અને દિનેશભાઈ ઈશ્વરભાઈ પટેલની ધણીયાણી, (૪) ઉષાબેન તે ઠાકોરભાઈ કેશવભાઈની દિકરી અને અતુલ મોતીભાઈ પટેલની ધણીયાણી, (૫) રીટાબેન તે ઠાકોરભાઈ કેશવભાઈની દિકરી અને યોગેશભાઈ છોટુભાઈની ધણીયાણી ના નામો દાખલ કરાવેલા. અને જેની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નં.૭૬૨, તા.૭/૭/૨૦૦૭ ના રોજ દાખલ કરવામાં આવેલી, જે એન્ટ્રી તા.૮/૫/૨૦૦૮ ના રોજ પ્રમાણિત થયેલી.

મજકુર ગામ–ડીંડોલી સુરત શહેરમાં સમાવિષ્ટ થતા તેની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નં.૭૩૮, તા.૨૪/૫/૨૦૦૭ ના રોજ દાખલ કરવામાં આવેલી, જે એન્ટ્રી તા.૨૪/૫/૨૦૦૭ ના રોજ પ્રમાણિત થયેલી છે.

દસ્તાવેજ નો પ્રકાર	અવેજ	ગામનું નામ	બ્લોક નંબર	ટી.પી.સ્કીમ નંબર	ફાયનલ પ્લોટ નંબર	સબપ્લોટ નંબર	સીટી સર્વે નંબર	પ્લોટ નંબર	કુલ ક્ષેત્રફળ (ચો.મી.)
વેચાણ દસ્તાવેજ	રૂા................	ડીંડોલી	૨૨૬	૬૨	૩૦	૨+૩/એ	NA૨૨૬(૨+૩)		

મજકુર ગામેના બ્લોક નંબરો કોમ્પ્યુટરાઈઝડ કરવા માટેની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નં.૬૯૭૦, તા.૧૮/૫/૨૦૦૭ થી કરવામાં આવેલ છે.

ત્યારબાદ (૧) ઠાકોરભાઈ કેશવભાઈ પટેલ, (૨) અશોકભાઈ ઠાકોરભાઈ પટેલ, (૩) શારદાબેન ઉર્ફે સુખીબેન તે ઠાકોરભાઈ કેશવભાઈની ધણીયાણી, (૪) મધુબેન તે ઠાકોરભાઈ કેશવભાઈની દિકરી અને દિનેશભાઈ ઈશ્વરભાઈ પટેલની ધણીયાણી, (૫) ઉષાબેન તે ઠાકોરભાઈ કેશવભાઈની દિકરી અને અતુલ મોતીભાઈની ધણીયાણી, (૬) રીટાબેન તે ઠાકોરભાઈ કેશવભાઈની દિકરી અને યોગેશભાઈ છોટુભાઈ પટેલની ધણીયાણી નાઓએ (૧) ચતુરભાઈ મનુભાઈ રાદડીયા, (૨) બાબુભાઈ મનુભાઈ સુદાણી, (૩) સુરેશભાઈ રવજીભાઈ કોટડીયા, (૪) રાજેશભાઈ રમણભાઈ મકાણી, (૫) મગનભાઈ કરશનભાઈ બાળધા, (૬) ધીરૂભાઈ રામભાઈ દેસાઈ, (૭) જયસુખભાઈ રામભાઈ દેસાઈ, (૮) જયંતિભાઈ મનજીભાઈ બાળધા, (૯) જયંતિભાઈ રામભાઈ સાવલીયા, (૧૦) અરવિંદભાઈ હરજીભાઈ બાળધા નાઓને રૂા.૪૯,૮૦,૦૦૦/– ના અવેજ બદલ વેચાણ આપેલ. જેનો વેચાણ દસ્તાવેજ સુરતસીટી–૩ (નવાગામ) ના સબરજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નં.૨૧૬૬૮, તા.૨૦/૧૦/૨૦૦૮ ના રોજ નોંધાયેલ છે. અને જેની વેચાણની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નં.૧૦૦૧, તા.૧૨/૧/૨૦૦૯ ના રોજ દાખલ કરવામાં આવેલી છે, જે એન્ટ્રી તા.૧૯/૬/૨૦૦૯ ના રોજ પ્રમાણિત થયેલી છે.

ત્યારબાદ જમીન માલીકો (૧) ચતુરભાઈ મનુભાઈ રાદડીયા, (૨) બાબુભાઈ મનુભાઈ સુદાણી, (૩) સુરેશભાઈ રવજીભાઈ કોટડીયા, (૪) રાજેશભાઈ રમણભાઈ મકાણી, (૫) મગનભાઈ કરશનભાઈ બાળધા, (૬) ધીરૂભાઈ રામભાઈ દેસાઈ, (૭) જયસુખભાઈ રામભાઈ દેસાઈ, (૮) જયંતિભાઈ મનજીભાઈ બાળધા, (૯) જયંતિભાઈ રામભાઈ સાવલીયા, (૧૦) અરવિંદભાઈ હરજીભાઈ બાળધા નાઓએ મજકુર જમીન રૂા.૧,૦૦,૦૦,૦૦૦/– ના અવેજ બદલ (૧) મગનભાઈ મથુરભાઈ જીંજાળા, (૨) કિશોરભાઈ બાબુભાઈ ખેની, (૩) રાજીવ બાબુલાલ ખેની નાઓને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની રૂએ વેચાણ આપેલ. જેનો વેચાણ દસ્તાવેજ સુરતસીટી–૩ (નવાગામ) ના સબરજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નં.૨૬૪૫, તા.૬/૩/૨૦૧૨ ના રોજ નોંધાયેલ છે. અને જેની વેચાણની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નં.૧૬૪૯, તા.૧૩/૪/૨૦૧૨ ના રોજ દાખલ કરવામાં આવેલી છે, જે એન્ટ્રી તા.૨૮/૮/૨૦૧૨ ના રોજ પ્રમાણિત થયેલી છે.

આમ મજકુર જમીનના માલીકો (૧) મગનભાઈ મથુરભાઈ જીંજાળા, (૨) કિશોરભાઈ બાબુભાઈ ખેની, (૩) રાજીવ બાબુલાલ ખેની નાઓ ચાલી આવેલા. ત્યારબાદ જમીન માલીકો પૈકી (૧) કિશોરભાઈ બાબુભાઈ ખેની, (૨) રાજીવ બાબુલાલ ખેની નાઓએ પોતાના ૭૦% યાને ૧૬૫૦૧ ચો.મી. વણવહેચાયેલા હકક, હિસ્સાની જમીન રૂા.૯૯,૦૦,૦૦૦/– ના અવેજ બદલ (૧) મુકેશભાઈ જાદવભાઈ કેવડીયા, (૨) બ્રિજેશભાઈ મુળજીભાઈ બલર નાઓને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની રૂએ વેચાણ આપેલ. જેનો વેચાણ દસ્તાવેજ સુરતસીટી–૮ (રાંદેર) સબરજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નં.૧૦૫૯, તા.૧૮/૧૦/૨૦૧૩ ના રોજ નોંધાયેલ. અને જેની વેચાણની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નં.૨૦૫૩, તા.૨૪/૧૦/૨૦૧૩ ના રોજ દાખલ કરવામાં આવેલી, જે એન્ટ્રી તા.૭/૧/૨૦૧૪ ના રોજ પ્રમાણિત થયેલી.

આમ મજકુર જમીનના માલીકો (૧) મગનભાઈ મથુરભાઈ જીંજાળા, (૨) મુકેશભાઈ જાદવભાઈ કેવડીયા, (૩) બ્રિજેશભાઈ મુળજીભાઈ બલર નાઓ ચાલી આવેલા છે. ત્યારબાદ તેઓએ મજકુર જમીનની ખેતીમાંથી બીનખેતીની પરવાનગી મહે.કલેકટરશ્રી

દસ્તાવેજ નો પ્રકાર	અવેજ	ગામનું નામ	બ્લોક નંબર	ટી.પી.સ્કીમ નંબર	ફાયનલ પ્લોટ નંબર	સબપ્લોટ નંબર	સીટી સર્વે નંબર	પ્લોટ નંબર	કુલ ક્ષેત્રફળ (ચો.મી.)
વેચાણ દસ્તાવેજ	રૂા.................	ડીડોલી	૨૨૬	૬૨	૩૦	૨+૩/એ	**NA**૨૨૬(૨+૩)		

સુરતના હુકમ નં.એ/બખપ/એસ.આર.નં.૧/૨૦૧૮/આઈડી નં.૨૧૮૭૫૯/વશી ૧૫૫૦ થી ૧૫૫૯/૧૮, તા.૨૦/૬/૨૦૧૮ થી આપવામાં આવેલ છે. અને જે બીનખેતીના હુકમની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નં.૨૭૭૫, તા.૫/૭/૨૦૧૮ ના રોજ દાખલ કરવામાં આવેલી છે, જે એન્ટ્રી તા.૪/૯/૨૦૧૮ ના રોજ પ્રમાણિત થયેલી છે.

ત્યારબાદ ત્રણેય જમીન માલીકોએ બીનખેતીની જમીનની વહેંચણ કરેલી અને જે વહેંચણ અનુસાર (૧) મુકેશભાઈ જાદવભાઈ કેવડીયા, (૨) બ્રિજેશકુમાર મુળજીભાઈ બલરના સંયુકત હિસ્સે (૧) ફાયનલ પ્લોટ નં.૩૦ પૈકી સબપ્લોટ નં.૧ જેનું ક્ષેત્રફળ ૩૫૧૬ ચો.મી. કે જે સીટી સર્વે વોર્ડ–ડીંડોલીના સીટી સર્વે નં.એન.એ.૨૨૬/એસપી૧/૧ તેમજ (૨) ફાયનલ પ્લોટ નં.૩૦ પૈકી સબપ્લોટ નં.(૨+૩)બી જેનું ક્ષેત્રફળ ૬૩૮૪ ચો.મી. કે જે સીટી સર્વે વોર્ડ–ડીંડોલીના સીટી સર્વે નં.એન.એ.૨૨૬ આપવામાં આવેલ. તેમજ મગનભાઈ મથુરભાઈ જીંજાળા યાને હમો બીજા પક્ષનાના એકલાના હિસ્સે ફાયનલ પ્લોટ નં.૩૦ પૈકી સબપ્લોટ નં.(૨+૩)એ જેનું ક્ષેત્રફળ ૪૨૪૪ ચો.મી. કે જે સીટી સર્વે વોર્ડ–ડીંડોલીના સીટી સર્વે નં.એન.એ.૨૨૬/(૨+૩)એ આપવામાં આવેલ. અને જે અગેનો વહેંચણનો દસ્તાવેજ સુરતસીટી–૨ (ઉધના) સબરજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નં.૭૮૫૫, તા.૨૯/૪/૨૦૨૨ ના રોજ નોંધાયેલ છે.

આમ હમો બીજા પક્ષના ફાયનલ પ્લોટ નં.૩૦ પૈકી સબપ્લોટ નં.(૨+૩)એ જેનું ક્ષેત્રફળ ૪૨૪૪ ચો.મી. કે જે સીટી સર્વે વોર્ડ–ડીંડોલીના સીટી સર્વે નં.એન.એ.૨૨૬/(૨+૩) ના એકલા સ્વતંત્ર સંપૂર્ણ માલીક કબજે ભોગવટેદાર ચાલી આવેલા છે.

મજકુર જમીનમાં બાંધકામ કરવા અંગેની પરવાનગી સુરતમહાનગરપાલિકાએ ૦૦૨એલડીર૨૨૩૦૧૫૨, તા.૭/૬/૨૦૨૨ ના રોજ આપેલ છે.

આમ મળેલ પરવાનગીઓના આધારે હમો બીજા પક્ષનાએ મજકુર જમીનમાં રહેણાંકના હેતુ માટે **"રાધેક્રિષ્ણા રેસીડેન્સી"** ના નામથી ખુલ્લા પ્લોટોનું આયોજન કરેલુ છે. અને મજકુર જમીનમાં આવેલા પ્લોટોની હરકોઈ પ્રકારે વહીવટ, વ્યવસ્થા, વેચાણ કે તબદીલ કરવાનો હમો બીજા પક્ષનાને એકલાને કાયદેસરનો હકક અને અધિકાર છે અને તે હકક અને અધિકારની રૂએ મજકુર જમીનમાં આવેલા પ્લોટો પૈકી **પ્લોટ નં.............** હમો બીજા પક્ષનાએ, તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલ છે અને તેનો આ વેચાણ દસ્તાવેજ આજરોજ રજીસ્ટર્ડ કરી આપેલ છે.

(૨) સદરહુ **પ્લોટ નં................**હમો બીજા પક્ષનાએ, તમો પહેલા પક્ષનાને **રૂા...................../– અંકે રૂપિયા......................................પુરાનાં** અવેજથી વેચાણ યાને ટ્રાન્સફર કરેલ છે. જેથી તમો પહેલા પક્ષનાએ વેચાણ અવેજની પુરેપુરી રકમ હમો બીજા પક્ષનાને નીચેની વિગતે ચુકતે કરેલ છે.

ક્રમ	**બેંકનું નામ**	**તારીખ**	**ચેક નંબર**	**રકમ**
૧				
૨				
			કુલ રૂપિયા...	

ઉપર જણાવ્યા મુજબ વેચાણ અવેજની પુરેપુરી રકમ હમો બીજા પક્ષનાને, તમો પહેલા પક્ષના તરફથી મળી ગઈ છે, તેની આથી હમો બીજા પક્ષના પહોંચ સ્વીકારીએ છીએ. અને

દસ્તાવેજ નો પ્રકાર	અવેજ	ગામનું નામ	બ્લોક નંબર	ટી.પી.સ્કીમ નંબર	ફાયનલ પ્લોટ નંબર	સબપ્લોટ નંબર	સીટી સર્વે નંબર	પ્લોટ નંબર	કુલ ક્ષેત્રફળ (ચો.મી.)
વેચાણ દસ્તાવેજ	રૂા...............	ડીંડોલી	૨૨૬	૬૨	૩૦	૨+૩/એ	NA૨૨૬(૨+૩)		

હવે વેચાણ અવેજ પેટે કાંઈપણ રકમ હમો બીજા પક્ષનાએ તમો પહેલા પક્ષના પાસેથી લેવાની બાકી નથી. તેમજ ભવિષ્યમાં હમો બીજા પક્ષનાએ અવેજ નહી મળ્યો કે ઓછો મળ્યા બાબતની કાંઈપણ તર–તકરાર કરવા–કરવાની નથી. અને જો કરીએ તો તે આ વેચાણ દસ્તાવેજથી રદબાતલ થાય સહી.

(૩) સદરહુ પ્લોટનો પ્રત્યક્ષ કબજો હમો બીજા પક્ષનાનો ચાલી આવેલ છે. જેથી સદરહુ પ્લોટની વેચાણ અવેજની પુરેપુરી રકમ તમો પહેલા પક્ષનાએ ચુકતે કરેલ હોવાથી મજકુર પ્લોટનો પ્રત્યક્ષ કબજો આજરોજ આ વેચાણ દસ્તાવેજની રૂએ હમો બીજા પક્ષનાએ, તમો પહેલા પક્ષનાને સુપ્રત કર્યો છે અને તમો પહેલા પક્ષનાએ પ્રત્યક્ષ કબજો સ્થળ ઉપર લીધેલ છે.

(૪) સદરહુ પ્લોટનાં તમો પહેલા પક્ષના આજદિનથી સ્વતંત્ર અને સંપૂર્ણ માલીક કબજેદાર થયેલા છે. તેથી સદરહુ પ્લોટની હરકોઈ પ્રકારે વહીવટ, વ્યવસ્થા કરવા, જાતે ઉપયોગ, વપરાશ કરવા કે ટ્રાન્સફર કે એસાઈન કરવા, તેના ઉપર લોન લેવા તથા જામીનગીરીમાં આપવા, બાંધકામ કે ડેવલપ કરવા હરકોઈ પ્રકારે વહીવટ વ્યવસ્થા કરવા તમો પહેલા પક્ષના માલીક મુખત્યાર થયા છે સહી.

(૫) સદરહુ પ્લોટના આજદિન સુધીના ગ્રામપંચાયતના વેરાઓ, સોસાયટીનો મેઈન્ટેનન્સ ખર્ચ તેમજ અન્ય સરકારી–અર્ધસરકારી કચેરીના વેરાઓ હમો બીજા પક્ષનાએ ભરપાઈ કરવાના છે સહી. અને હવે પછીના ઉપરોક્ત તમામ સરકારી–અર્ધસરકારી કચેરીના વેરાઓ તમો પહેલા પક્ષનાએ ખરીદનાર તરીકે ભરપાઈ કરવાના છે સહી.

(૬) સદરહુ પ્લોટ આ વેચાણ દસ્તાવેજથી સીટી સર્વેના રેકર્ડમાં તેમજ અન્ય સરકારી–અર્ધસરકારી કચેરીના દફતરેથી હમો બીજા પક્ષનાનું નામ કમી કરી તમો પહેલા પક્ષના પોતાનું નામ દાખલ/ટ્રાન્સફર કરાવવા હકકદાર છો સહી અને તે માટે હમો બીજા પક્ષનાની સહી, સંમતિની જરૂર પડે તો તે હમો બીજા પક્ષનાએ આપવાની છે અને આ વેચાણ દસ્તાવેજથી હમારી સહી, સંમતિ ગણવાની છે સહી.

(૭) સદરહુ તમોને વેચાણ આપવામાં આવેલ પ્લોટ જે **"રાધેક્રિષ્ણા રેસીડેન્સી"** યોજનામાં આવેલ હોય જેમાં નીચે દર્શાવેલ ખાસ નિયમો તથા શરતોનું તમોએ પાલન કરવાનું રહેશે, જે શરતે જ તમોને વેચાણ દસ્તાવેજ કરી આપવામાં આવે છે. જે પાલન નહિ થયેથી વેચાણ દસ્તાવેજ રદ કરવામાં આવશે જેની સ્પષ્ટતા કરવામાં આવેલ છે.

૭/૧ સદરહુ **"રાધેક્રિષ્ણા રેસીડેન્સી"** યોજનામાં વિસ્તૃત સ્પેશીફીકેશનવાળા સુરતમહાનગરપાલિકા દ્વારા મંજુર કરવામાં આવેલ પ્લાન, ટાઈટલ ડીડસ વિગેરેનું ઈન્સ્પેકશન પહેલા પક્ષનાએ કરેલ છે તેમજ પ્લોટની સ્થળ સ્થિતિ, લંબાઈ, પહોળાઈ, દિશા અંગે કોઈ વાંધો કે તકરાર રાખી નથી કે ભવિષ્યમાં લેવાની નથી. યોજના સંબંધિત મજકુર તમામ લાગતા વળગતા દસ્તાવેજો તેમજ યોજનાનું સ્થળ ઉપર દરેક ખૂણેખૂણો પ્રત્યક્ષ જોઈ તપાસી તથા પોતાના જાણકાર માણસ પાસેથી પણ જોવડાવી અને તપાસ કરાવી, ચોકસાઈ કરીને વેચાણ રાખેલ યુનીટનો કબજો, ભોગવટો સંભાળેલ છે, જેથી તે બાબતે પહેલા પક્ષનાનો કોઈપણ પ્રકારનો વાંધો, વિરોધ કે તરતકરાર રહેતી નથી અને તે ખરીદનાર કબુલ, મંજુર રાખેલ છે સહી.

૭/૨ સદરહુ વેચાણ રાખેલ પ્લોટના ક્ષેત્રફળ સિવાય સમગ્ર યોજનાના અન્ય રાસુકા વપરાશના ભાગો જેવા કે સી.ઓ.પી., રોડ, રસ્તા છે તેનો ઉપયોગ અન્ય

દસ્તાવેજ નો પ્રકાર	અવેજ	ગામનું નામ	બ્લોક નંબર	ટી.પી.સ્કીમ નંબર	ફાયનલ પ્લોટ નંબર	સબપ્લોટ નંબર	સીટી સર્વે નંબર	પ્લોટ નંબર	કુલ ક્ષેત્રફળ (ચો.મી.)
વેચાણ દસ્તાવેજ	રૂા................	ડીડોલી	૨૨૬	૬૨	૩૦	૨+૩/એ	NA૨૨૬(૨+૩)		

યુનીટ હોલ્ડરો સાથે સહીયારી રીતે કરી શકશો અને તેનો ઉપયોગ યોજનાના અન્ય યુનિટ ધારકોને તકલીફ પહોંચે કે અટકાયત કે અવરોધ થાય તે રીતે કરવાનો રહેશે નહિ તેમજ કોમન એમેનીટીઝ તથા ફેસીલીટીઝ તેમજ કોમન વિસ્તારોના તમો ભાગ પાડી શકો નહિ. સહીયારી સુવિધા અને સગવડોનું વર્ણન આ સાથે પરિશિષ્ટ–૨ માં આપવામાં આવેલ છે.

૭/૩ સદરહુ યોજનામાં યુનિટ ધારકોનું એસોસીએશન બનાવી ગુજરાત કો. ઓ. સોસાયટી એકટ અથવા અન્ય કાયદા હેઠળ ફરજીયાત રજીસ્ટ્રેશન કરાવવાનું છે અને તેમાં પહેલા પક્ષનાએ ફરજીયાત સભ્ય થવાનું છે અને એસોસીએશન રજીસ્ટર્ડ કરતી વખતે જે કાંઈ ખર્ચ થાય તેનો વરાડે પડતો ખર્ચો પહેલા પક્ષનાએ ભોગવવાનો રહેશે. સદરહુ યોજનાની સલામત, રક્ષણ, મેઈન્ટેનન્સ, કોમન ફેસીલીટીઝ, જાળવણી તેમજ સુખાધિકારની સુરક્ષા માટે જરૂરી બાબતો તેમજ યોજના તથા તેના કોમન એરીયાની જાળવણી, સાફસુફી વિગેરે માટે સાફસફાઈ કામદારો રાખવા, ઈલેકટ્રીક મોટર ચલવવા, વોચમેનો રાખવા, ઈલેકટ્રીસીયન રાખવા, પ્લમ્બર રાખવા વિગેરે તમામનો પગાર, ખર્ચો ચુકવવા તેમજ અન્ય આનુષંગીક તમામ સુવિધાઓ, દેખરેખ તથા તે અંગેના ખર્ચાઓની જવાબદારી એસોસીએશન/સોસાયટી સંભાળશે અને યુનીટ હોલ્ડરોએ તે ખર્ચાઓ માટે જરૂરી ડીપોઝીટ તથા મેઈન્ટેનન્સની રકમ એસોસીએશન/સોસાયટીને સમયસર ચુકવવાની રહેશે. તેમજ મજકુર યોજનામાં જે યુનીટો બીજા પક્ષના દ્વારા વેચાણ કરવાના બાકી છે તે વેચાણ નહિ થાય ત્યાં સુધી એસોસીએશને લાગતા વળગતા ખર્ચા કે મેઈન્ટેનન્સ ચાર્જીસની રકમ આયોજક પાસેથી વસુલ કરવાની નથી તેવી પહેલા પક્ષના, બીજા પક્ષનાને બાંહેધરી આપે છે.

૭/૪ પહેલા પક્ષના તથા અન્ય પ્લોટ હોલ્ડરો દ્વારા જે સોસાયટી/એસોસીએશન બનાવવામાં આવે તે સોસાયટી જે વ્યકિતની નિમણુંક કરે તે વ્યકિત મેનેજર, સેક્રેટરી તરીકે કામ કરશે, તેઓ યોજનાને લગતી કોઈપણ યોજના બાબતમાં કે સહીયારી સુવિધાની બાબતમાં કે કોઈપણ તકલીફ અંગે પહેલા પક્ષનાને જે કાંઈ સુચના આપશે તેનું તમો પહેલા પક્ષનાએ પાલન કરવાનું રહેશે.

૭/૫ વેચાણ આપેલ યુનીટના રેવન્યુ રેકર્ડ, સીટી સર્વે પ્રોપર્ટી કાર્ડ, વેરાબીલ વિગેરે તમામ ખાતાઓમાં એલોટીને દસ્તાવેજ થયેથી દિન–૧૫ માં પોતાનું નામ દાખલ કરાવી લેવાનું રહેશે અને જો તેમ નહિ કરવામાં આવશે તો દસ્તાવેજની તારીખથી નીકળતા તમામ વેરાબીલ, ખર્ચ વિગેરે તેમજ સરકારશ્રી વિગેરેના કોઈપણ જાતના વેરાબીલ, ખર્ચ કે ટેક્ષમાં વધારો કરવામાં આવે તો તે ટેક્ષો પણ ખરીદનારે ભોગવવાના રહેશે અને તેને લગતી કાનુની કાર્યવાહીની જવાબદારી પણ ખરીદનારની રહેશે જેની પણ આથી સ્પષ્ટતા કરવામાં આવે છે.

૭/૬ વેચાણ દસ્તાવેજ સંબંધે કોઈપણ સરકારી કે અર્ધસરકારી ટેક્ષ, કેન્દ્ર સરકાર કે રાજય સરકારના ટેક્ષ ભરવાના થાય કે જી.એસ.ટી. વિગેરે વધઘટ કે ઉમેરો થતા જે કાંઈ ખર્ચ થાય તે એલોટીએ યાને ખરીદનારે ભરપાઈ કરી આપવાના રહેશે.

૭/૭ પ્લોટ હોલ્ડરોએ ભવિષ્યમાં સુરતમહાનગરપાલિકા પાસેથી પ્લાન મંજુર કરાવી તે મુજબનું કાયદેસરનું બાંધકામ કરવાનું રહેશે. પ્લાન વિરૂધ્ધનું ગેરકાયદેસર બાંધકામ એલોટીએ કરવા–કરાવવાનું નથી અને પ્લોટ હોલ્ડરે પોતાના હદની બહાર એલીવેશન કે બાંધકામ કરવાનું રહેશે નહિ અને જો કરે તો સોસાયટી કે એસોસીએશન દ્વારા તેવુ બાંધકામ કરતા અટકાવી શકશે સહી.

દસ્તાવેજ નો પ્રકાર	અવેજ	ગામનું નામ	બ્લોક નંબર	ટી.પી.સ્કીમ નંબર	ફાયનલ પ્લોટ નંબર	સબપ્લોટ નંબર	સીટી સર્વે નંબર	પ્લોટ નંબર	કુલ ક્ષેત્રફળ (ચો.મી.)
વેચાણ દસ્તાવેજ	રૂા................	ડીડોલી	૨૨૬	૬૨	૩૦	૨+૩/એ	**NA**૨૨૬(૨+૩)		

૭/૮ સમગ્ર યોજનામાં આવેલ ખુલ્લી રાસુકા વપરાશની જગ્યાનો ઉપયોગ હલન ચલન કરવા પુરતો જ કરવાનો રહેશે તેમજ તે રાસુકી વપરાશની જગ્યાઓમાં ખરીદનારે કાંઈ માલસામાન રાખવાના નથી કે કોઈપણ અડચણ ઉભી કરવા–કરાવવાની નથી.

૭/૯ ભવિષ્યમાં કોઈપણ કારણસર સમગ્ર યોજનામાં આવેલ કોમન બાંધકામ જેવા કે રોડ, રસ્તા, કંપાઉન્ડ વોલ, એન્ટ્રી મેઈન ગેટ, સ્ટ્રીટ લાઈટ, વોચમેન કેબીન વિગેર તૂટી જાય કે અન્ય કોઈ રીતે નુકસાન થાય તો ખરીદનારે અન્ય ખરીદનારા માલીકો સાથે ફાળે પડતો ફાળો આપી યોજનાના પ્રવર્તમાન નિયમો અનુસાર ફેરબાંધકામ કરી શકશે.

૭/૧૦ સદરહુ વેચાણ આપેલ પ્લોટના ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ છે અને જે તમોએ જોઈ તપાસીને ખરાઈ કરી અને કરાવીને ખાત્રી કરીને કબુલ કરેલ છે અને જે હકીકતે સદરહુ વેચાણ આપેલ પ્લોટના કલીયર અને માર્કેટેબલ ટાઈટલ અંગે તમો વેચાણ લેનારને વાંધો કે તકરાર નથી તેમજ ઉત્તરોત્તર થયેલા દસ્તાવેજોની ઝેરોક્ષ નકલો તમો ખરીદનારને સોંપી આપેલ છે. ભવિષ્યમાં જરૂર પડયે સર્ટીફાઈડ નકલો તમો ખરીદનારે તમારા ખર્ચે કઢાવવાની રહેશે જેની આથી સ્પષ્ટતા કરવામાં આવે છે.

૭/૧૧ વેચાણ આપેલ યુનીટ તથા સમગ્ર યોજનામાં વેચાણ રાખનારના તમામ હકકો તેમજ યુનીટનો કબજા સહિત ખરીદનારને વેચાણ આપેલ છે. યોજનામાં આવેલ કંપાઉન્ડ વોલ, એન્ટ્રી મેઈનગેટ, આર.સી.સી. રોડ, રસ્તાનું બાંધકામ, માલસામાન, મટીરીયલ્સ તથા ફીટીંગ્સ ખરીદનારે જોઈ તપાસી ખરાઈ કરાવી કબુલ, મંજુર રાખેલ છે. અને યુનીટનો કબજો વિના તકરારે સંભાળી લીધેલ છે.

૭/૧૨ વેચાણ આપેલ પ્લોટવાળી સમગ્ર યોજનાનું નામ **"રાધેક્રિષ્ણા રેસીડેન્સી"** રાખેલ છે, જે નામમાં તમો ખરીદનારે કે અન્ય પ્લોટ હોલ્ડરોએ કે સોસોયટી/મંડળીએ કોઈપણ પ્રકારનો ફેરફાર કરવા–કરાવવાનો નથી કે બદલવાનો નથી.

૭/૧૩ આપણે પક્ષકારો વચ્ચે થયેલ ડોકયુમેન્ટેશનને લગતા કોઈપણ પ્રકારના મતભેદ કે તકરાર થાય તો તે રેરા કાયદા અન્વયે નીકાલ લાવવાનો રહેશે.

૭/૧૪ સદરહુ યોજનામાં સી.ઓ.પી., ખુલ્લા પ્લોટ આવેલ છે તે સી.ઓ.પી.માં ભવિષ્યમાં બાંધકામ કરવાનો કે ઉપયોગ કરવાનો કોઈ હકક, દાવો હમો પ્રમોટરે કરવાનો રહેશે નહિ.

૭/૧૫ સદરહુ યોજનામાં તમોએ ખરીદ કરેલ પ્લોટ ભવિષ્યમાં વેચાણ કરવાના સંજોગો ઉપસ્થિત થાય ત્યારે પ્લોટ ખરીદનારે નામ જોગ સોસાયટી/મંડળીને નામ ટ્રાન્સફર કરવાની અરજી કરવાની રહેશે, તેવી જ રીતે સોસાયટી/મંડળીએ પણ પ્લોટ ટ્રાન્સફર કરવાની મંજુરી અંગેનું એન.ઓ.સી. આપતા પહેલા ટ્રાન્સફર ફી કે જે સોસાયટીએ નકકી કરેલા દર મુજબ ભરેલ છે કે નહિ તેની ચકાસણી કરવાની રહેશે. સોસાયટીએ નકકી કરેલ દર મુજબની ટ્રાન્સફર ફી ભરપાઈ થયેથી સોસાયટીનું એન.ઓ.સી. આપવામાં આવશે અને ત્યારબાદ જ તમો પહેલા પક્ષનાએ ખરીદ કરેલ પ્લોટ બીજાને ટ્રાન્સફર કે વેચાણ કરી શકશે જેની આથી બંને પક્ષકારો વચ્ચે સ્પષ્ટતા કરવામાં આવેલ છે. પ્લોટની ટ્રાન્સફર ફીની રકમ જે તે સમયે સોસાયટી/મંડળી જે નકકી કરશે તે ફી તમો પ્લોટ ખરીદનારને બંધનકર્તા રહેશે.

દસ્તાવેજ નો પ્રકાર	અવેજ	ગામનું નામ	બ્લોક નંબર	ટી.પી.સ્કીમ નંબર	ફાયનલ પ્લોટ નંબર	સબપ્લોટ નંબર	સીટી સર્વે નંબર	પ્લોટ નંબર	કુલ ક્ષેત્રફળ (ચો.મી.)
વેચાણ દસ્તાવેજ	રૂા................	ડીડોલી	૨૨૬	૬૨	૩૦	૨+૩/એ	**NA**૨૨૬(૨+૩)		

૭/૧૬ સદરહુ યોજનામાં ૬૦ ખુલ્લા પ્લોટો હોય તેના નિતિ નિયમોનું પાલન કરવાની જવાબદારી પહેલા પક્ષનાની રહેશે અને પ્લોટ અંગે લખાયેલ શરતો મુજબ તમો ખરીદનારે પ્લોટની ઉપયોગ તેના નિતિ નિયમો અનુસાર કરવાનો રહેશે.

૭/૧૭ **"રાધેક્રિષ્ણા રેસીડેન્સી"** યોજનામાં ૬૦ ખુલ્લા પ્લોટો પાડવામાં આવેલા છે અને પ્લોટોના રહીશો વચ્ચે મેઈન્ટેનન્સ કે અન્ય કોઈ બાબતે મતભેદ, તકરાર વિગેર થાય તો તે તમામ સમસ્યાનું નિરાકરણ સોસાયટી મંડળીની લવાદથી લાવવાનું રહેશે.

(૮) હમો બીજા પક્ષનાએ, તમો પહેલા પક્ષનાને શિડયુલમાં જણાવેલ ખુલ્લો પ્લોટ રહેણાંકના હેતુસર જ વેચાણ કરેલો છે અને જે પ્લોટ ઉપર તમો પહેલા પક્ષનાએ પોતાના ખર્ચે બાંધકામ કરેલ છે. આમ બાંધકામ અંગેની સંપૂર્ણ પ્રકારની જવાબદારી તમો પહેલા પક્ષનાની છે સહી.

(૯) તમો પહેલા પક્ષનાએ મજકુર પ્લોટના તમામ ટાઈટલ તમારા જાણકાર વ્યકિત મારફતે જરૂરી રેકર્ડ દસ્તાવેજ સહિત જરૂરી ખાત્રી કરાવી લીધેલ છે. જેથી હવે તમોએ તથા તમારા વંશ, વારસદારોએ મજકુર પ્લોટના ટાઈટલ બાબતે તરતકરાર કરવા–કરાવવાની નથી અને કરીએ–કરાવીએ તો તે આથી રદબાતલ થાય સહી. અને સદરહુ પ્લોટ ઉપર તમો પહેલા પક્ષનાએ પોતાના ખર્ચે બાંધકામ કરેલ છે અને તે અંગે બીજા પક્ષનાની કોઈ જવાબદારી નથી. આમ મજકુર પ્લોટના સંપૂર્ણ ટાઈટલ તમો પહેલા પક્ષનાએ જોઈ તપાસીને ખાત્રી કરી લીધેલ છે. આમ પાછળથી તમો પહેલા પક્ષનાની કોઈપણ જાતની તરતકરાર કે વાંધો, વિરોધ ચાલશે નહિ.

(૧૦) સદરહુ પ્લોટ આ અગાઉ હમો બીજા પક્ષનાએ કોઈને વેચાણ, ગીરો કે બક્ષીસ આપેલ નથી અગર તેમ કરવાનો કોઈ સાથે લેખિત કરાર કર્યો નથી તથા કબુલાતનામું કર્યુ નથી તેમજ અન્ય પ્રકારે ટ્રાન્સફર કે એસાઈન કરેલ નથી તથા સદરહુ પ્લોટ કોઈને જામીનગીરીમાં આપેલ નથી તથા ઈકવીટેબલ મોર્ગેજમાં આપેલ નથી તેમજ સદરહુ પ્લોટ ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો બોજો, ચાર્જ કે લીયન નથી તથા સદરહુ પ્લોટ ઉપર સરકારી લેણાનો બોજો નથી તથા સદરહુ પ્લોટ ઉપર કોર્ટની જપ્તી, ટાંચ કે મનાઈ નથી તથા કોર્ટના કોઈ પ્રકરણમાં સંડોવાયેલ નથી તથા સદરહુ પ્લોટ નામદાર સરકારશ્રીના કાયદા અન્વયે સંપાદન કરવાના કોઈ પ્રકરણો ચાલતા નથી અગર તે અંગે કોઈ નોટીસ આપી નથી તથા સદરહુ પ્લોટ રીઝર્વેશનમાં નથી તેમજ એકવીઝીશન તથા રેકવીઝીશનમાં નથી તથા સદરહુ પ્લોટમાં કોઈનો ખોરાકી, પોષાકી તેમજ અન્ય પ્રકારનો હકક નથી તથા સદરહુ પ્લોટમાં કોઈને જવા–આવવાના રસ્તાનો તથા પાણીના નિકાલ વિગેરેના ઈઝમેન્ટના હકક નથી તથા સદરહુ પ્લોટ અંગે હમો બીજા પક્ષનાએ કોઈ ટ્રસ્ટ કે સેટલમેન્ટ કર્યુ નથી તથા સદરહુ પ્લોટ તદન નકરજો, નબોજી અને નજોખમી છે. ટુંકમાં સદરહુ પ્લોટના તમામ ટાઈટલ ચોખ્ખા, કલીયર અને માર્કેટેબલ છે, તેની સંપૂર્ણ ખાત્રી, ભરોસો અને વિશ્વાસ આપીને હમો બીજા પક્ષનાએ, તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલ છે. આમ સદરહુ પ્લોટમાં હમો બીજા પક્ષના સિવાય બીજા કોઈનો હકક, હિસ્સો, લાગભાગ, દરદાવો, હકક, હીત, સંબંધ ઈન્ટરેસ્ટ નથી તેમ છતાં કોઈ શખ્સ સદરહુ પ્લોટમાં હકક, હિસ્સો, લાગભાગ, દરદાવો કરે તો તે અંગેની તમામ જવાબદારી હમો બીજા પક્ષનાની છે, અને તે હમો બીજા પક્ષનાએ હમારા ખર્ચે અને જોખમે દુર કરી–કરાવી આપવાના છે સહી.

(૧૧) વેચાણ આપેલ મીલકત અંગે લે–આઉટ પ્લાન તમો પહેલા પક્ષનાને બતાવેલ છે અને તે મુજબ લે–આઉટ પ્લાન મુજબના તમામ નિતિ નિયમો તમો પહેલા પક્ષનાને કબુલ,

દસ્તાવેજ નો પ્રકાર	અવેજ	ગામનું નામ	બ્લોક નંબર	ટી.પી.સ્કીમ નંબર	ફાયનલ પ્લોટ નંબર	સબપ્લોટ નંબર	સીટી સર્વે નંબર	પ્લોટ નંબર	કુલ ક્ષેત્રફળ (ચો.મી.)
વેચાણ દસ્તાવેજ	રૂા……………..	ડીંડોલી	૨૨૬	૬૨	૩૦	૨+૩/એ	**NA**૨૨૬(૨+૩)		

મંજુર અને બંધનકર્તા છે અને રહેશે સહી. સદરહુ પ્લોટવાળી જમીનમાં પાસીંગ કરવામાં આવેલ પ્લાન મુજબ જ બાંધકામ કરવા–કરાવવાનું રહેશે અને પાસીંગ પ્લાન મુજબની પરવાનગીની તમામ શરતોનું પાલન કરવાનું રહેશે સહી તથા કોઈપણ પ્રકારનું વધારાનું બાંધકામ કરવાનું રહેશે નહિ તેમજ રસ્તા ઉપર ઓટલા તથા પગથીયાનું બાંધકામ કરવાનું નથી તેમજ મંજુર થયેલ પ્લાન વિરૂધ્ધના બાંધકામની જવાબદારી જે તે પ્લોટ હોલ્ડરોની રહેશે, જે અંગે હમો બીજા પક્ષનાની કોઈ જવાબદારી રહેશે નહિ તેમજ સદરહુ સોસાયટીમાં અંતરાય ઉપસ્થિત થાય તેવુ તથા સોસાયટીને અડચણરૂપ થાય તેવુ કોઈપણ કૃત્ય કરવા–કરાવવાનું નથી તથા સોસાયટીમાં મુકવામાં આવેલ રોડ–રસ્તા તથા સી.ઓ.પી. વિગેરે દરેક પ્લોટ હોલ્ડરોએ સાથે મળી સમજીને રાસુકો વપરાશ ઉપયોગ કરવા–કરાવવાનો રહેશે સહી.

(૧૨) સદરહુ જમીનમાં જે આંતરીક રસ્તાઓ મુકવામાં આવેલા છે તે રસ્તાઓ ઉપરથી આવવા જવાનો, વાહનો લાવવા લઈ જવાનો, અંડર ગ્રાઉન્ડ તેમજ ઓવર હેડ તાર, ટેલીફોન, ડ્રેનેજ, પાણી, ગટર તેમજ ઈલેકટ્રીક કનેકશનના દોરડા તેમજ પાઈપ લાઈન, કેબલ્સ વિગેરે લાઈનો પસાર કરવાનો તમોને અન્ય પ્લોટ હોલ્ડરો સાથે રાસુકો હકક રહેશે તેમજ સોસાયટીના સી.ઓ.પી., રોડ રસ્તાના ટેક્ષ, વેરા, ચાર્જીસ તથા સ્ટ્રીટ લાઈટ, રીપેરીંગ તેમજ મેઈન્ટેનન્સની જવાબદારી તમો પહેલા પક્ષના યાને જે તે પ્લોટ હોલ્ડરની સહીયારી રહેશે અને તેમાં દરેક પ્લોટ હોલ્ડરોએ ફાળે પડતો ખર્ચ ભોગવવાનો રહેશે સહી.સદરહુ તમોને વેચાણ આપેલા પ્લોટો અંગે સોસાયટીનો લે–આઉટ પ્લાન તથા બુકીંગ પ્લાન તમો પહેલા પક્ષનાને, હમો બીજા પક્ષનાએ બતાવેલ છે અને તે મુજબ સદરહુ લે–આઉટ પ્લાન તથા બુકીંગ પ્લાન મુજબ તમામ નિતિ નિયમો તથા રોડ રસ્તા, સી.ઓ.પી. એરીયા તમો પહેલા પક્ષનાને કબુલ, મંજુર અને બંધનકર્તા છે અને રહેશે સહી.

(૧૩) સદરહુ જમીનમાં મંજુર પ્લાનમાં બાંધકામની પરવાનગી જે આપવામાં આવેલ છે તે સિવાયની માર્જીનની જગ્યા કે રોડ/રસ્તાની જગ્યા કે પાર્કીંગની જગ્યા કે સી.ઓ.પી.ની જગ્યામાં બાંધકામ કરવામાં આવશે તો તેની જવાબદારી હમો બીજા પક્ષનાની રહેશે નહિ તેમજ મંજુર પ્લાન સિવાયની જમીનમાં બાંધકામ કરનારને કોઈ સરકારી–અર્ધસરકારી કચેરી દ્વારા દંડ કે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેમાં હમો બીજા પક્ષનાની જવાબદારી રહેશે નહિ. ભવિષ્યમાં તમો પહેલા પક્ષના ખરીદનારને વેચાણ કરવામાં આવેલ પ્લોટના ક્ષેત્રફળ, માપ, સ્થળ, સ્થિતિ, રોડરસ્તાના વિકાસ/નિભાવ ખર્ચ, ગટર લાઈટ/સી.ઓ.પી. વિકાસ/નિભાવ ખર્ચ વિગેરે અંગે કોઈપણ જાતની તરતકાર કે વાંધો, વિરોધ કે દાવાદુવી તમો ખરીદનારે અમો વેચનાર/ઓર્ગેનાઈઝર સામે કરી–કરાવી શકે નહિ.

(૧૪) હમો બીજા પક્ષનાએ, તમો પહેલા પક્ષનાને ખુલ્લો પ્લોટ જ વેચાણ કરેલ છે અને તેમાં જે કાંઈ બાંધકામ હોય અગર કરવામાં આવેલુ હોય તો તે તમો પહેલા પક્ષનાએ પોતાના ખર્ચે કરેલ છે અને જે અંગે હમો બીજા પક્ષનાની કોઈ જવાબદારી રાખવામાં આવેલ નથી.

(૧૫) હમો બીજા પક્ષનાએ, તમો પહેલા પક્ષનાને ફકત પ્લોટની જમીન જ વેચાણ આપેલ છે. રોડ/રસ્તા અને સી.ઓ.પી. ની જમીનમાં તમો ખરીદનારનો કોઈપણ પ્રકારનો માલીકી, હકક, હિત અને અધિકાર રહેશે નહિ. જેથી સદરહુ જમીનમાં આવેલ રોડ/રસ્તાના વપરાશ/ઉપભોગ/ઉપયોગ અંગે તમો ખરીદનારે કોઈપણ પ્રકારનો વાંધો, વિરોધ કે તરતકરાર કરવા–કરાવવાની નથી. જેની આથી તમો ખરીદનારની આ લેખિત સંમતિ કમ

દસ્તાવેજ નો પ્રકાર	અવેજ	ગામનું નામ	બ્લોક નંબર	ટી.પી.સ્કીમ નંબર	ફાયનલ પ્લોટ નંબર	સબપ્લોટ નંબર	સીટી સર્વે નંબર	પ્લોટ નંબર	કુલ ક્ષેત્રફળ (ચો.મી.)
વેચાણ દસ્તાવેજ	રૂા……………	ડીડોલી	૨૨૬	૬૨	૩૦	૨+૩/એ	NA૨૨૬(૨+૩)		

કબુલાત ગણાય સહી. સદરહુ જમીનમાં તમો પહેલા પક્ષનાને કબજો સુપ્રત કર્યા બાદ સદરહુ સોસાયટીના રસ્તા, સ્ટ્રીટ લાઈટ, સોસાયટીની વાડી, સી.ઓ.પી. વિગેરેને લગતા મરામતના ખર્ચ, મહેસુલ, ટેક્ષ, વેટ, સર્વિસ ટેક્ષ, ઈલેકટ્રીક બીલ, વેરા વિગેરેના ખર્ચ તમો પહેલા પક્ષનાએ સોસાયટીના તમામ પ્લોટ હોલ્ડરો સાથે મળીને વપરાશ કરવાનો રહેશે તથા તેનો ખર્ચ પણ ફાળે પડતો ભોગવવાનો રહેશે, જે અંગે હમો બીજા પક્ષનાની કોઈ જવાબદારી રહેશે નહિ કે તે બાબતે તરતકરાર કરવા–કરાવવાની રહેશે નહિ.

(૧૬) બંને પક્ષનાઓ વચ્ચેના કોઈપણ વિવાદનું સમેળથી નિરાકરણ લાવવાનું રહેશે અને જો કોઈ સંજોગોમાં કોઈ વિવાદનું નિરાકરણ સુમેળથી ન લાવી શકાય તો રીયલ એસ્ટેટ એકટ, ૨૦૧૬ અને તે હેઠળ ઘડવામાં આવેલા નિયમો અને વિનિયમોની જોગવાઈઓ હેઠળ તેને સત્તા મંડળને મોલકવાની રહેશે.

(૧૭) આ કરારની કોઈપણ જોગવાઈ, ઉકત અધિનિયમ અથવા તે હેઠળ ઘડવામાં આવેલા નિયમો અને વિનિયમો હેઠળ અથવા લાગુ પાડવાપાત્ર અન્ય કાયદાઓ હેઠળ રદ કરવા અથવા બિનઅમલપાત્ર બનાવવાનું નકકી કરવામાં આવે તો આથી જોગવાઈઓ આ કરારના હેતુ સાથે અસંગત હોય તેટલા પુરતી અને આ અધિનિયમ અથવા તે હેઠળ ઘડવામાં આવેલા નિયમો અથવા લાગુ પડતા કાયદાઓ સાથે તે અનુરૂપ હોવી જરૂરી હોય, તેટલા પ્રમાણમાં તે સુધારાયેલી અથવા રદ થયેલી ગણાશે અને આ કરારની બાકીની જોગવાઈઓ આ કરારના અમલ વખતે લાગુ પડતી હતી એ જ રીતે માન્ય અમલપાત્ર રહેશે.

(૧૮) પરિશિષ્ટ–૧ માં જણાવેલી આખી જમીનમાં તમામ પ્લોટ હોલ્ડરોનો સહીયારો ઉપયોગ વપરાશ કરવાનો રહેશે અને તે કોમન એરીયા/સુવિધાનો વહીવટ સર્વિસ સોસાયટી કરશે. અને પ્રમોટર ભવિષ્યમાં રોડ રસ્તાની ખુલ્લી જમીન, સી.ઓ.પી. ની જમીન વિગેરેમાં ભવિષ્યમાં કોઈપણ પ્રકારનો હકક, હિસ્સો કરવા–કરાવવા હકકદાર રહેશે નહિ.

(૧૯) પહેલા પક્ષનાને કબજો સુપ્રત કર્યાના ૫ વર્ષના સમયગાળા દરમિયાન યોજનામાં આવેલ આર.સી.સી. રોડ રસ્તા, એન્ટરન્સ ગેટ, કંપાઉન્ડ વોલ, સ્ટ્રીટ લાઈટ, અંડર ગ્રાઉન્ડ ડ્રેનેજ લાઈન, પાણીની લાઈનમાં કોઈ માળખાગત ઉણપ અથવા કામની ગુણવત્તા તથા કામગીરી અથવા સેવાની જોગવાઈ અંગેની કોઈ ખામી પહેલા પક્ષના, બીજા પક્ષનાના ધ્યાને લાવે અને તે ખામી પહેલા પક્ષનાને લીધે ઉત્પન્ન થયેલ ન હોય, તો બીજા પક્ષનાએ શકય હોય ત્યાં સુધી આવી ખામી પોતાના ખર્ચે દૂર કરી આપવાની રહેશે અને આવી ખામી દૂર કરવાનું શકય ન હોય તો, પહેલા પક્ષના આવી ખામી માટે અધિનિયમનની જોગવાઈઓ તથા આ કરારમાં જણાવેલ શરતોને આધિન ખામી માટેનું વળતર મેળવવા હકકદાર રહેશે. પરંતુ આવી ખામગીઓ માટે બીજા પક્ષનાને જવાબદાર ઠેરવી શકાય તેમ ન હોય અથવા આવી ખામીઓ માટેનું કારણ બીજા પક્ષનાના નિયંત્રણ બહાર હોય અથવા આવી ખામી પહેલા પક્ષનાને લીધે કે કોઈ કુદરતી કારણોસર થયેલ હોય, તો એવી કોઈપણ માળખાગત ખામી, કામગીરી, સેવાની જોગવાઈ અંગેની ગુણવત્તા, અથવા કામની ગુણવત્તા અંગેની ખામી કે અન્ય રીતની ખામી તથા પહેલા પક્ષના કે તેના થકીના કોઈપણ ઈસમ દ્વારા ખામી ઉત્પન્ન થયેલ હશે તો બીજા પક્ષના, પહેલા પક્ષનાને વળતર ચુકવી આપવા પાત્ર બનશે નહિ કે આવી ખામી પોતાના ખર્ચે દૂર કરવાની બીજા પક્ષનાની કોઈ જવાબદારી રહેશે નહિ.

દસ્તાવેજ નો પ્રકાર	અવેજ	ગામનું નામ	બ્લોક નંબર	ટી.પી.સ્કીમ નંબર	ફાયનલ પ્લોટ નંબર	સબપ્લોટ નંબર	સીટી સર્વે નંબર	પ્લોટ નંબર	કુલ ક્ષેત્રફળ (ચો.મી.)
વેચાણ દસ્તાવેજ	રૂ................	ડીંડોલી	૨૨૬	૬૨	૩૦	૨+૩/એ	NA૨૨૬(૨+૩)		

(૨૦)   સદરહુ પ્લોટો અંગેની બીજા પક્ષના પ્રમોટરે રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન અને ડેવલપમેન્ટ) એકટ ૨૦૧૬ ની જોગવાઈ હેઠળ સત્તાધિકારી પાસે **રજી.નં..તા..............** ના રોજ નોંધણી કરાવેલ છે. અને તે અંગેનું સાટાખત અમોએ "રેરા" કાયદાની કલમ–૧૪ મુજબ **અનુક્રમ નં................., તા...........................**થી નોંધાવેલ છે. જેથી આપણે બંને પક્ષકારોએ ઉપર વર્ણવેલ "રેરા" ના કાયદાની જુદીજુદી કલમોનું પાલન કરવાનું રહેશે, જેની આથી સ્પષ્ટતા કરવામાં આવે છે.

(૨૧)   બંને પક્ષનાઓ વચ્ચેના કોઈપણ વિવાદનું સુમેળથી નિરાકરણ લાવવાનું રહેશે અને જો સમાધાનથી નિરાકરણ ન થાય તો તેવી તકરાર રીએલ એસ્ટેટ રેગ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ એકટ સને ૨૦૧૬ "રેરા" માં દર્શાવેલ સક્ષમ સત્તાધિકારી સમક્ષ રજુ કરવાની રહેશે.

(૨૨)   સદરહુ પ્લોટને લગતી ૭/૧૨, ૮/અ, હકકપત્રક (નં.૬) ની એન્ટ્રીઓ, જુના દસ્તાવેજોની ઝેરોક્ષ નકલો, બાંધકામની રજાચિઠ્ઠી, એન.એ. ઓર્ડર, મંજુર થયેલ પ્લાન, નકશો, રેરા સર્ટીફીકેટ તેમજ અન્ય જરૂરી કાગળો હમો બીજા પક્ષનાએ, તમો પહેલા પક્ષનાને સુપ્રત કરી દીધેલા છે અને જે તમામ કાગળો તમો પહેલા પક્ષનાએ જોઈ તપાસી લીધા છે સહી.

(૨૩)   સદરહુ પ્લોટના વેચાણ દસ્તાવેજ અંગેનો તમામ ખર્ચ તમો પહેલા પક્ષનાએ ભોગવવાનો છે, તેમજ ભવિષ્યમાં જે કાંઈ ખૂટતી સ્ટેમ્પ ડયુટી ભરવાની આવે તો તે પણ પહેલા પક્ષનાએ ભરવાની રહેશે સહી. જેથી તમો પહેલા પક્ષનાએ સદરહુ પ્લોટના રૂા......................./– પુરા ઉપર ૪.૯% મુજબ રૂા................../– પુરાનો સ્ટેમ્પ વાપર્યો છે.

–:: પરિશિષ્ટ–૧ ::–

સુરત ડિસ્ટ્રીકટ સબડિસ્ટ્રીકટ તાલુકો–ઉધના ના મોજે–ડીડોલી ના રે.સ.નં.૧૫૫/૧૨ જેનો બ્લોક નં.૨૨૬ જેનું ક્ષેત્રફળ ૨૩૫૭૩ ચો.મી. વાળી જમીન જેને ટી.પી.સ્કીમ નં.૬૨ (ડીડોલી–ભેસ્તાન–ભેદવાડ) લાગુ પડતા ઓ.પી.નં.૩૦ જેનો ફાયનલ પ્લોટ નં.૩૦ જેનું ક્ષેત્રફળ ૧૪૧૪૪ ચો.મી. બીનખેતીની જમીન પૈકી **સબપ્લોટ નં.૨+૩/એ** કે જે **સીટી સર્વે વોર્ડ–ડીડોલી ના સીટી સર્વે નં.એન.એ.૨૨૬(૨+૩)એ** જેનું ક્ષેત્રફળ ૪૨૪૪ ચો.મી. વાળી જમીનમાં આયોજીત **"રાધેક્રિષ્ણા રેસીડેન્સી"** ના નામથી પાડવામાં આવેલા પ્લોટો.

–:: પરિશિષ્ટ–૨ ::–

ઉપરોકત પરિશિષ્ટ–૧ માં દર્શાવેલ સોસાયટીમાં આવેલા પ્લોટો પૈકી **પ્લોટ નં...........**જેનું ક્ષેત્રફળ.................ચો.મી. તથા રોડ, રસ્તા, સી.ઓ.પી.ની જમીનમાં વણવહેચાયેલા હકક, હિસ્સાની...................ચો.મી. સહિતનો ખુલ્લો પ્લોટ તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકક, હિત, અધિકાર સહિતની મીલકત. જેની ચર્તુથ સીમા નીચે મુજબ છે.

દસ્તાવેજ નો પ્રકાર	અવેજ	ગામનું નામ	બ્લોક નંબર	ટી.પી.સ્કીમ નંબર	ફાયનલ પ્લોટ નંબર	સબપ્લોટ નંબર	સીટી સર્વે નંબર	પ્લોટ નંબર	કુલ ક્ષેત્રફળ (ચો.મી.)
વેચાણ દસ્તાવેજ	રૂા................	ડીડોલી	૨૨૬	૬૨	૩૦	૨+૩/એ	NA૨૨૬(૨+૩)		

પૂર્વે :–
પશ્ચિમે :–
ઉત્તરે :–
દક્ષિણે :–

–:: પરિશિષ્ટ–૩ (સહીયારી સુવિધા) ::–

૧. આર.સી.સી રોડ/પેવર બ્લોક.
૨. સી.ઓ.પી. લેન્ડસકેપીંગની સાથે.
૩. કંપાઉન્ડ વોલ.
૪. એન્ટ્રી મેઈન ગેટ.
૫. સ્ટ્રીટ લાઈટ.
૬. સી.ઓ.પી.માં એક બોરીંગ પોઈન્ટ.
૭. વોચેમન કેબીન.
૮. પાણીની લાઈન + ડ્રેનેજ લાઈન (ઈન્ટરનલ રોડમાંથી અંડર ગ્રાઉન્ડ).
૯. આ પરિશિષ્ટમાં દર્શાવેલ તથા પ્લાનમાં મંજુર થયેલ સામાન્ય સુવિધા તથા સામાન્ય વિસ્તારમાં બધા જ પ્લોટ હોલ્ડરો વચ્ચે રાસુકી વપરાશી હકકો.

એણી વિગતનો આ વેચાણ દસ્તાવેજ હમો બીજા પક્ષનાએ, તમો પહેલા પક્ષનાને આજરોજ રાજીખુશીથી વાંચી, વંચાવી, સાંભળી, સમજી, વિચારીને કોઈના કોઈપણ જાતના દાબ–દબાણ વગર તન તથા મનની સંપુર્ણ સાવધ અવસ્થામાં અકકલ હોંશિયારીમાં બીનકેફ હાલતમાં કોઈના લોભ, લાલચ કે પ્રલોભન વિના કરી આપેલ છે. જે હમો બીજા પક્ષનાને તથા હમો બીજા પક્ષનાના વંશ, વાલી, વારસો વિગેરે તમામને કબુલ, મંજુર અને બંધનકર્તા છે સહી, થાય સહી અને રહેશે સહી.

અત્રે.............................મતુ તત્રે............................શાખ

.... ૧..................................

૨..................................

દસ્તાવેજ નો પ્રકાર	અવેજ	ગામનું નામ	બ્લોક નંબર	ટી.પી.સ્કીમ નંબર	ફાયનલ પ્લોટ નંબર	સબપ્લોટ નંબર	સીટી સર્વે નંબર	પ્લોટ નંબર	કુલ ક્ષેત્રફળ (ચો.મી.)
વેચાણ દસ્તાવેજ	રૂા................	ડીડોલી	૨૨૬	૬૨	૩૦	૨+૩/એ	**NA**૨૨૬(૨+૩)		

<u>મીલકતનું સરનામું</u> :– સુરત ડિસ્ટ્રીકટ સબડિસ્ટ્રીકટ તાલુકો–ઉધના ના મોજે–ડીડોલી ના રે.સ.નં.૧૫૫/૧૨ જેનો બ્લોક નં.૨૨૬ વાળી જમીન જેને ટી.પી.સ્કીમ નં.૬૨ (ડીડોલી–ભેસ્તાન–ભેદવાડ) લાગુ પડતા ઓ.પી.નં.૩૦ જેનો ફાયનલ પ્લોટ નં.૩૦ જેનું ક્ષેત્રફળ ૧૪૧૪૪ ચો.મી. બીનખેતીની જમીન પૈકી **સબપ્લોટ નં.૨+૩/એ** કે જે **સીટી સર્વે વોર્ડ–ડીડોલી ના સીટી સર્વે નં.એન.એ.૨૨૬(૨+૩)એ** જેનું ક્ષેત્રફળ ૪૨૪૪ ચો.મી. વાળી જમીનમાં આયોજીત **"રાધેક્રિષ્ણા રેસીડેન્સી"** ના નામથી પાડવામાં આવેલા પ્લોટો પૈકી **પ્લોટ નં.............**

<u>લેનારની સહી :–</u>

<u>વેચનારની સહી</u> :–

દસ્તાવેજ નો પ્રકાર	અવેજ	ગામનું નામ	બ્લોક નંબર	ટી.પી.સ્કીમ નંબર	ફાયનલ પ્લોટ નંબર	સબપ્લોટ નંબર	સીટી સર્વે નંબર	પ્લોટ નંબર	કુલ ક્ષેત્રફળ (ચો.મી.)
વેચાણ દસ્તાવેજ	રૂા................	ડીડોલી	૨૨૬	૬૨	૩૦	૨+૩/એ	NA૨૨૬(૨+૩)		

<u>મીલકતનું સરનામું</u> :– સુરત ડિસ્ટ્રીકટ સબડિસ્ટ્રીકટ તાલુકો–ઉધના ના મોજે–ડીંડોલી ના રે.સ.નં.૧૫૫/૧૨ જેનો બ્લોક નં.૨૨૬ વાળી જમીન જેને ટી.પી.સ્કીમ નં.૬૨ (ડીંડોલી–ભેસ્તાન–ભેદવાડ) લાગુ પડતા ઓ.પી.નં.૩૦ જેનો ફાયનલ પ્લોટ નં.૩૦ જેનું ક્ષેત્રફળ ૧૪૧૪૪ ચો.મી. બીનખેતીની જમીન પૈકી **સબપ્લોટ નં.૨+૩/એ** કે જે **સીટી સર્વે વોર્ડ–ડીંડોલી ના સીટી સર્વે નં.એન.એ.૨૨૬(૨+૩)એ** જેનું ક્ષેત્રફળ ૪૨૪૪ ચો.મી. વાળી જમીનમાં આયોજીત **"રાધેક્રિષ્ણા રેસીડેન્સી"** ના નામથી પાડવામાં આવેલા પ્લોટો પૈકી **પ્લોટ નં.............**

<u>લેનારની સહી :–</u>

<u>વેચનારની સહી</u> :–

દસ્તાવેજ નો પ્રકાર	અવેજ	ગામનું નામ	બ્લોક નંબર	ટી.પી.સ્કીમ નંબર	ફાયનલ પ્લોટ નંબર	સબપ્લોટ નંબર	સીટી સર્વે નંબર	પ્લોટ નંબર	કુલ ક્ષેત્રફળ (ચો.મી.)
વેચાણ દસ્તાવેજ	રૂા................	ડીંડોલી	૨૨૬	૬૨	૩૦	૨+૩/એ	NA૨૨૬(૨+૩)		

<u>પહેલા પક્ષના/વેચાણ લેનાર :–</u>

શ્રી/શ્રીમતી

<u>બીજા પક્ષના/વેચાણ આપનાર :–</u>

મગનભાઈ મથુરભાઈ જીંજાળા

દસ્તાવેજ નો પ્રકાર	અવેજ	ગામનું નામ	બ્લોક નંબર	ટી.પી.સ્કીમ નંબર	ફાયનલ પ્લોટ નંબર	સબપ્લોટ નંબર	સીટી સર્વે નંબર	પ્લોટ નંબર	કુલ ક્ષેત્રફળ (ચો.મી.)
વેચાણ દસ્તાવેજ	રૂા................	ડીડોલી	૨૨૬	૬૨	૩૦	૨+૩/એ	NA૨૨૬(૨+૩)		